અપીલ અરજી નં.૨૦૧ તા.૩૦–૯–૦૯/૧૦

અરજદારઃ– શ્રી મુકેશ અનિલકુમાર કાનુગા

સામાવાળાઃ– શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી ન.પ્રા.શિ.સ.

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મુકેશ અનિલકુમાર કાનુગાની તા.૨૪–૭–૦૯ ની અરજીથી (૧) મ્યુ. ગુજરાતી કન્યા શાળા વોર્ડ નં.૯ નોંધ નં.૮૦૬ (ટેના. નં.૦૯એ–૧૩–૧૧૦૧–૦–૦૦૧) થી નોંધાયેલી અને વાડીફળિયા, આમલીરાન, હાટકેશ્વર મહાદેવ મંદિરની બાજુમાં, (કન્યા શાળા ક્રમાંક ૧૩૮ વાળી) મિલ્કત જે ભાડેથી ન.પ્રા.શિ.સ. એ રાખેલ છે તેના ઠરાવની નકલ આપવા (૨) ઉપરોકત મિલ્કતનું માસિક ભાડું કેટલા રૂપિયા ચુકવવામાં આવે છે અને કોના નામના ચેકથી ચુકવવામાં આવે છે તેની માહિતિ (૩) ઉપરોકત મિલ્કત ભાડા અંગે સુરત મ્યુ. કોર્પોરેશન તરફથી ઠરાવ કરવામાં આવેલ હોય તો તેની નકલ આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૩૦–૯–૦૯ ની અપીલ અરજી નં.૨૦૧/૨૦૦૯–૧૦

શ્રી મુકેશ અનિલકુમાર કાનુગાની તા.૨૪–૭–૦૯ ની અરજીથી (૧) મ્યુ. ગુજરાતી કન્યા શાળા વોર્ડ નં.૯ નોંધ નં.૮૦૬ (ટેના. નં.૦૯એ–૧૩–૧૧૦૧–૦–૦૦૧) થી નોંધાયેલી અને વાડીફળિયા, આમલીરાન, હાટકેશ્વર મહાદેવ મંદિરની બાજુમાં, (કન્યા શાળા ક્રમાંક ૧૩૮ વાળી) મિલ્કત જે ભાડેથી ન.પ્રા.શિ.સ. એ રાખેલ છે તેના ઠરાવની નકલ આપવા (૨) ઉપરોકત મિલ્કતનું માસિક ભાડું કેટલા રૂપિયા ચુકવવામાં આવે છે અને કોના નામના ચેકથી ચુકવવામાં આવે છે તેની માહિતિ (૩) ઉપરોકત મિલ્કત ભાડા અંગે સુરત મ્યુ. કોર્પોરેશન તરફથી ઠરાવ કરવામાં આવેલ હોય તો તેની નકલ આપવા બાબતે નિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને સપ્તાહના વિલંબથી તા.૩૦–૯–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૨૯ તા.૭–૧૦–૦૯ થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી ન.પ્રા.શિ.સ. તથા અરજદારને અપીલ અરજી સપ્તાહના વિલંબથી રજૂ કરેલ છે તેના વાજબીપણું અને આધાર રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી. કે જાહેર માહિતી અધિકારી તરફથી પણ અત્રેના વિભાગને કોઈ વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૪–૭–૦૯ ની અરજીથી (૧) મ્યુ. ગુજરાતી કન્યા શાળા વોર્ડ નં.૯ નોંધ નં.૮૦૬ (ટેના. નં.૦૯એ–૧૩–૧૧૦૧–૦–૦૦૧) થી નોંધાયેલી અને વાડીફળિયા, આમલીરાન, હાટકેશ્વર મહાદેવ મંદિરની બાજુમાં, (કન્યા શાળા ક્રમાંક ૧૩૮ વાળી) મિલ્કત જે ભાડેથી ન.પ્રા.શિ.સ. એ રાખેલ છે તેના ઠરાવની નકલ આપવા (૨) ઉપરોકત મિલ્કતનું માસિક ભાડું કેટલા રૂપિયા ચુકવવામાં આવે છે અને કોના નામના ચેકથી ચુકવવામાં આવે છે તેની માહિતિ (૩) ઉપરોકત મિલ્કત ભાડા અંગે સુરત મ્યુ. કોર્પોરેશન તરફથી ઠરાવ કરવામાં આવેલ હોય તો તેની નકલની માંગણી કરેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી પૂરી પાડવામાં આવેલ નથી. કે આરટીઆઈ કાયદાની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. જેથી અરજદારે તા.૩૦–૯–૦૯ ના રોજ માંગવામાં આવેલી માહિતીના મુદ્દા નં.૧ થી ૩ ની નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ માહિતી કે નિર્ણય મળેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને અપીલ તબકકે પણ કોઈ માહિતી પૂરી પાડેલ જણાતી નથી.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી સબંધે તા.૩૦–૯–૦૯ થી સપ્તાહના વિલંબથી કરેલ અપીલ અંગે ન્યાયના હિતમાં અરજદારને અપીલ તબકકે તક આપવા છતાં વિલંબના કારણો કે વાજબીપણું રજૂ કરવામાં અરજદાર નિષ્ફળ રહેલ છે. તેમ છતાં કાયદાના હાર્દ અને જોગવાઈને અનુલક્ષી અરજદારની સપ્તાહના વિલંબથી કરેલ અપીલ ગ્રાહય રાખી જાહેર માહિતી અધિકારી ધ્વારા નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ ઠરાવેલ ફી લઈ અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં માહિતી પૂરી પાડવા શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી ન.પ્રા.શિ.સ ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦ – ૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી.(ન.પ્રા.શિ.સ.).... જાણ તથા અમલ માટે
(૨) શ્રી મુકેશ અનિલકુમાર કાનુગા